DIVYA BHASKAR

DT: 09-03-2018

## ઔદ્યોગિક એકમ પર બીઆઈએસના દરોડા

રાજકોટ | ભારતીય માનક બ્યૂરો રાજકોટે શાપરમાં ઔદ્યોગિક એકમો પર દરોડાની કામગીરી હાથ ધરી હતી, જ્યાંથી બીઆઈએસ સર્ટિફિકેશન માર્ક્સ લાઈસન્સ વિના પેઢી ખાતેથી મળી આવ્યા તે કબજે લેવામાં આવ્યા છે. માર્ક્સ લાઈસન્સ વિના આઈએસઆઈ માર્કાનો ઉપયોગ કરવો એ ગેરકાયદેસર છે. ચોક્કસ બાતમીના આધારે બ્યૂરો ઓફ સ્ટાન્ડર્ડની ટીમ શાપરમાં અમેરિકન ફૂડ્સ પ્રા.લિ.નામની પેઢી પર દરોડા પાડ્યા હતા.કુલ ત્રણ અધિકારીઓ તપાસમાં જોડાયા હતા.

PHULCHHAB

DT: 09-03-2018

# લાયસન્સ વિના બીઆઇએસ માર્ક વાપરતી પેઢીમાં જપ્તી

રાજકોટ.તા. ૮ : રાજકોટ-ગોંડલ હાઇવે ઉપર આવેલી અમેરિકન ફૂડઝ પ્રાઇવેટ લિમાં બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડઝની ટૂકડી દ્વારા તપાસ કરવામાં આવતા માન્ય બીઆઇએસ સર્ટીફીકેશન માર્કના લાઇસન્સ વિના જ પેઢીમાંથી મળી આવ્યા હતા. પેકેજ ડ્રીંકીંગ વોટર માટે આઇએસઆઇ ચિહન સાથે લેબલ અને પીઇટી જારનો પણ મોટો જથ્થો પ્રાપ્ત થયો હતો. સઘળા જથ્થાની જપ્તી લેવામાં આવી છે. પીવાનું પાણી પેક કરવા માટે બીઆઇએસ સર્ટીફિકેટ લેવું પડે છે. જે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડઝ, નિષેધ અને પ્રતિબંધિત વેચાણ અધિનિયમ ૨૦૧૧, જીએસઆર ૭૫૯ (ઇ) અને જીએસઆર ૭૬૦ (ઇ) હેઠળ આવે છે તે માન્ય લાયસન્સ વિના ઉપયોગમાં લઇ શકાતું નથી.

Dhulchhab

09-03-18

SANDESH

DT: 09-03-2018

# શાપરમાં લાયસન્સ વગર ISI માર્કા સાથેના પાણીના કેરબા સીઝ

રાજકોટ, તા. ૦૮

ખાણી-પીણીની ચીજવસ્તુના ઉત્પાદન માટે સરકાર દ્વારા કેટલાક ધારાધોરણો નક્કી કરવામાં આવ્યા છે. પાણીના પાઉચથી માંડીને બોટલ માટે આઈએસઆઈ માર્ક લગાવવો ફરજીયાત છે. જો કે શાપરમાં લાયસન્સ વગર પાણીના કેરબા પર આઈએસઆઈ માર્કા લગાવતા કારખાનામાં ભારતીય માનક બ્યુરોના અધિકારીઓ દ્વારા રેઈડ કરી સ્ટોક સીઝ કરવામાં આવ્યો છે.

ફરિયાદને આધારે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના ૩ અધિકારીઓની એક ટીમ શાપરમાં શાંતિધામ મંદિરની બાજુમાં આવેલી અમેરિકન ફુડ્ઝ પ્રા.લી. નામની ફેક્ટરીમાં ધસી ગયા હતા. ત્યાં સર્ચ અને સીઝીંગની કાર્યવાહી હાથ ધરી હતી. ઓપરેશન દરમિયાન માન્ય બીઆઈએસ સર્ટિફિકેશન માર્ક્સ લાયસન્સ વગર જ લગાવાતા હોવાનું ખુલ્યું હતું. પેકેજડ ડ્રિંકિંગ વોટર માટે આઈએસઆઈ માર્ક સાથેના લેબલ અને પીઈટી જારનો મોટો જથ્થો પણ બરામદ કરાયો હતો.

નોંધનીય છે કે પીવાનું પાણી માટે બીઆઈએસનું સર્ટિફિકેટ લેવું ફરજીયાત છે. જેના વગર તેનું ઉત્પાદન કે વેચાણ કરી શકાતું નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે આ ફેક્ટરી અન્ય કંપનીનું જોબવર્ક કરતી હતી. અધિકારીઓ ગયા ત્યારે તે બંધ હતી. કંપની પાસે અગાઉ બીઆઈએસનુ લાયસન્સ હતું પરંતુ તેની મર્યાદા પુરી થયા બાદ રીન્યુ કરાયું ન હતું.

GUJARAT - SAMACHAR

DT: 12.03.2018



### સૌરાષ્ટ્રમાં અનધિકૃત રીતે ચાલતા ૨૫૦ કારખાના : આરોગ્ય સાથે ગંભીર ચેડા

# પાણીના વેપારમાં ચાલતી પોલંપોલ નકલી માર્કા લગાવી બોટલોનું વેંચાણ

રાજકોટ, રવિવાર

ઉનાળાના આકરા તાપમાં પીવાના પાણીનો ધંધો ધમધોકાર ચાલે છે. તેમાંથી મોટાભાગની ફેકટરી બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ બીઆઈએસના લાયસન્સ વિના અનધિકૃત રીતે ચાલી રહી છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ૨૫૦થી વધુ કારખાનાઓ કોઈપણ પ્રકારની મંજૂરી વિના બીઆઈએસના માર્કો લગાવીને પાણીનાં પાઉચ, બોટલ અને જાર વેંચી રહ્યાં હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. દરમિયાન બીઆઈએસની રાજકોટ કચેરીએ શાપર વેરાવળમાં અમેરીકન ફૂડ પ્રા.લી.માં પરવાના વિના બેલે બ્રાન્ડની પાણીની બોટલ જાર વેંચવાનો ધંધો ચાલતો હોવાનું કારસ્તાન ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## લાયસન્સ સરન્ડર થઈ ગયું હોવા છતાં શાપરમાં 'BAILLEY' નામની જાણીતી બ્રાન્ડની બોટલોમાં લગાડવાના ISIના ચિહ્ન દર્શાવતા લેબલનો જથ્થો મળી આવ્યો

રાજકોટમાં દર વર્ષે ઉનાળાના દિવસો દરમિયાન પીવાના પાણીના પાઉચ, પાણીની બોટલો અને જાર ઉપર આઈએસઆઈના ચિહ્ન અને લેબલ્સ લગાડીને એસટી બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, પાનની દુકાનો, રેસ્ટોરન્ટ, અને લગ્ન પ્રસંગના મેળાવડાઓમાં વેંચવામાં આવે છે. જે પૈકી મોટાભાગના ધંધાર્થીઓ ગેરકાયદે પાણીનો વેપાર કરી રહ્યાં હોવાનું બીઆઈએસના રાજકોટ કચેરીના વડા એસ.કે. સિંહે જણાવ્યું હતું. રાજકોટ નજીક શાપરમાં આવેલી પાણીની જાણીતી બ્રાન્ડ બેલે (BAILLEY)માં પણ જે પ્રકારનો અનધિકૃત વેપાર કરવામાં આવતો હતો તેનો પર્દાફાશ થયો હોવાનું જણાવી તેઓએ ઉમેર્યું હતું કે, આ કારખાનાનું આઈ.એસ.આઈ.નું લાયસન્સ નવેમ્બરમાં સરેન્ડર થઈ ગયું હતું. અલબત તેમ છતાં પાણીની જાર ઉપર આઈ.એસ.આઈ.નાં ચિહ્ન અને લેબલ લગાડવામાં આવતા હોય તે પ્રકારનાં લેબલનો જથ્થો પકડાયો હતો. અધિકારીઓએ આ કારખાનામાંથી અનધિકૃત પાણીની જાર લેબલ વિગેરેને જથ્થો જપ્ત કર્યો હતો.

### કાયદાની છટકબારીનો ઉપયોગ કરી બોટલ ઉપર લખાતુ 'રીફ્રેશર વોટર' અને 'પુજા પાણી' જેવા શબ્દો

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, આઈ.એસ.આઈ.ના પરવાના સૌરાષ્ટ્રમાં પાણીના ૮૪ ધંધાર્થીઓ ધરાવે છે. પરંતુ અનધિકૃત રીતે આઈએસઆઈના લેબલ લગાડી પાણી વેંચનારા ઓછામાં ઓછા ૨૫૦થી ૩૦૦ કારખાના ધમધમે છે. બે વર્ષ પહેલાં ફૂડ સેફટી વિભાગ દ્વારા આ પ્રકારનાં ૧૫૦ જેટલા કારખાનાના નામ સરનામા આપી તપાસ કરવાની તાકીદ કરવામાં આવી હતી.

પરંતુ તેમ છતાં આજ સુધી આ પ્રકારના કારખાના બંધ થયા નથી. કાયદાની છટકબારી શોધી બચવા માટે કોઈ પાણીની બોટલ ઉપર રીફ્રેશર વોટર તો કોઈ પુજાનું પાણી લખીને વેંચે છે. આ તમામ અનધિકૃત હરકતો બદલ બે લાખ રૂા.નો દંડ અને એક વર્ષની જેલની સજા થઈ શકે છે કમનશીબે બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડની કચેરી પાસે આ તમામ અનધિકૃત કારખાના બંધ કરાવવા માટે પુરતો સ્ટાફ નથી. પરંતુ ફૂડ સેફટી વિભાગ સહિત અન્ય સરકારી તંત્રે પણ આ મુદ્દે અસહકાર ઝુંબેશ ચલાવવી જરૂરી છે. અન્યથા પેકડ બોટલનું પાણી પણ લોકોએ શુધ્ધ નહી મળે.

### રૂા. બે લાખનો દંડ અને એક વર્ષની જેલની સજા હોવા છતાં પાણીના પાઉચ - બોટલ અને જારના નામે લાખોનો વેપાર